**ભારતીય રિઝર્વ બેંક**

**સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ બી એસ  માર્ગ, મુંબઈ  400 001**

**તારીખ : મે  28, 2018**

**આર.બી.આ ઈ. દ્વારા રૂપી કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, પુના  ને  આપવામાં આવેલ નિર્દેશ ની મુદત માં વધારો**

સમીક્ષા કર્યા બાદ ભારતીય રિઝર્વ બેંકે તેના તારીખ 23 મે, 2018 ના નિર્દેશ DCBR.CO.AID/D-42/12.22.218/2017-18 દ્વારા રૂપી કો-ઓપરેટીવ બેંક લીમીટેડ, પુના,મહારાષ્ટ્ર  ને આપેલા નિર્દેશ ની મુદત 01 જુન 2018 થી 31 ઓગસ્ટ 2018  સુધી  વધુ ત્રણ મહિના માટે વધારી છે. આ નિર્દેશો મૂળરૂપે તારીખ 22 ફેબ્રુઆરી 2013 થી 21 ઓગસ્ટ 2013 સુધી લાદવામાં આવેલા  અને તેને આઠ વખત દરેક વખતે 6 મહિના માટે વધારવામાં આવેલા  અને ચાર વખત  દરેક વખતે 3  મહિના માટે વધારવામાં આવેલા. છેલ્લે આ મુદત 22 નવેમ્બર 2017 થી 31 મે 2018 સુધી 6 મહિના માટે વધારવામાં આવેલી.

બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 56 સાથે વાંચન માં લેતાં બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 35A (1) થી મળેલી સત્તા  અંતર્ગત આ નિર્દેશો જરી કરવામાં આવ્યા છે. રસ ધરાવતી  જનતા ની જાણ માટે આ નિર્દેશોની નકલ બેંક ના કાર્યાલય  ના મકાન માં પ્રદર્શિત કરેલી  છે.

રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલા  નિર્દેશો નો ગર્ભિત મતલબ એ નથી કે રિઝર્વ બેંકે  બેન્કિંગ લાયસન્સ રદ  કર્યું છે. આ બેંક તેનો બેન્કિંગ નો ધંધો તેની નાણાકીય પરિસ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી અંકુશો ને આધીન  રહીને ચાલુ રાખી શકશે. પરિસ્થિતિ  અનુસાર  રિઝર્વ બેંક આ નિર્દેશો માં સુધારા કરી શકશે.

**અજીત પ્રસાદ**

**સહાયક સલાહકાર**

**પ્રેસ જાહેરાત  :  2017-2018/3106**